# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-09-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્તમાન યુગને ભારત માટે સુવર્ણ સમય ગણાવ્યો વિકસિત ભારતનાં સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાતની મોટી ભૂમિકા હોવાનું જણાવ્યું
2. અમદાવાદમાં આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું પ્રધાનમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ - અમદાવાદ અને ભુજ વચ્ચે દેશની પહેલી નમો ભારત રેપિડ રેલ સેવાનો પ્રારંભ
3. રાજ્યભરમાં આવતીકાલથી સ્વચ્છતા હી સેવા પખવાડિયાનો આરંભ... શહેરો અને નગરોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે
4. રાજ્યભરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદે મિલાદની ઉત્સાહપૂર્વક ઉજવણી આવતીકાલે શાંતિપૂર્ણ રીતે ગણેશ વિસર્જન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત
5. ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએસન દ્વારા સિનિયર મેન્સ 42મી આંતર જિલ્લા ફૂટબોલ ટૂર્નામેન્ટનો ગાંધીનગરથી આરંભ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Guj- PM-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્તમાન યુગને ભારત માટે સુવર્ણ સમય ગણાવ્યો છે. તેમણે જણાવ્યું કે, દેશમાં આ સમય અમૃતકાળ છે, જેમાં આગામી 25 વર્ષમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો ધ્યેય છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારતનાં સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાતની મોટી ભૂમિકા છે.

શ્રી મોદીએ આજે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા બાદ જાહેર સભાને સંબોધન કર્યું હતું.

રાજ્યના થયેલા માળખાકીય વિકાસની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે દેશનાં વિકાસમાં ગુજરાતની મુખ્ય ભૂમિકા છે.

(BYTE... Gujarat contribution)

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, તેમની ત્રીજા કાર્યકાળમાં પ્રથમ 100 દિવસમાં દેશમાં સર્વાંગી અને અસરકારક વિકાસ થયો છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે સમાજનાં તમામ વર્ગ માટે કલ્યાણ કાર્ય કર્યા છે. છેલ્લાં 100 દિવસમાં રેલ, માર્ગ, બંદર અને વિમાન વ્યવહાર અંગેનાં અનેક પ્રોજેક્ટ્સ શરૂ થયા છે.

શ્રી મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ 30 હજારથી વધુ પાકા મકાનોનાં નિર્માણને મંજૂરી આપી હતી અને આ મકાનો માટે પ્રથમ હપ્તો જમા કરાવ્યો હતો. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને આવાસ યોજનાના મકાનોની ચાવી આપી હતી.

# Guj- PM-2

આ અગાઉ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પ્રધાનમંત્રીએ રોડ શો યોજ્યો હતો, જ્યાં ખુલ્લી જીપમાં બેસીને પ્રધાનમંત્રીએ ઉપસ્થિત લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળસંપત્તિ મંત્રી અને ગુજરાત ભાજપનાં પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ પણ ઉપસ્થિત હતા.

દરમિયાન, પ્રધાનમંત્રીએ_ અમદાવાદ અને ભુજ વચ્ચે દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલ અને અન્ય છ વંદે ભારત ટ્રેનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, નમો ભારત રેપિડ રેલ મધ્યમવર્ગનાં પરિવારોને ઇન્ટરસિટી રેલ પરિવહનની સુવિધા પૂરી પાડશે. તેમણે જણાવ્યું કે., આગામી દિવસોમાં દેશનાં અન્ય ભાગોમાં પણ નમો ભારત રેપિડ રેલ શરૂ કરવાની યોજના છે. શ્રી મોદીએ નાગપુરથી સિકંદરાબાદ, કોલ્હાપુરથી પૂણે, આગ્રા કેન્ટથી બનારસ, દુર્ગથી વિશાખાપટ્ટનમ, પૂણેથી હુબલી વચ્ચે વંદે ભારત ટ્રેન તથા વારાણસીથી દિલ્હી વચ્ચે 20 કોચની વંદે ભારત ટ્રેનને પણ લીલીઝંડી આપી હતી.

આ પ્રસંગે તેમણે સામખિયાળી-ગાંધીધામ અને ગાંધીધામ-આદિપુર રેલવે લાઇનનુ ચારમાર્ગી કરણ કરવા અને અમદાવાદમાં આઇકોનિક રોડ અને પુલનાં નિર્માણનો વર્ચ્યુઅલી ખાતમુહુર્ત કર્યું હતું.

અગાઉ, આજે સવારે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં ચોથી વૈશ્વિક નવીનીકરણીય ઊર્જા રોકાણકાર સંમેલનને સંબોધતા પ્રધાનમંત્રીએ પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના રાષ્ટ્રને સમર્પિત કરી હતી. આ યોજના અંગે શ્રી મોદીએ વધુમાં આ મુજબ જણાવ્યુઃ

**(Byte PM Solar roof top)**

# Guj- PM-3

પ્રધાનમંત્રીએ હરિત વિકાસ અને શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા માટે ભારતની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું કે, ભારત વિકાસશીલ દેશ હોવા છતાં પેરિસમાં નક્કી કરેલી જળવાયુ પરિવર્તન અંગેની પ્રતિબધ્ધતા નવ વર્ષ પહેલાં પૂર્ણ કરી છે.

શ્રી મોદીએ યુવાનો માટે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં રોજગાર અને કૌશલ્ય પ્રચંડ તક હોવાનું જણાવ્યું હતું. તેમણે તમામ હિતધારકો અને સંમેલનમાં ભાગ લઈ રહેલા પ્રતિનિધીઓને ભારતના  ઊભરતા હરિત ઊર્જા ક્ષેત્રમાં રોકાણ કરવા વિનંતી કરી હતી.

શ્રી મોદીએ જણાવ્યું કે, જળવાયુ સમર્થક સિધ્ધાંત ભારતની પ્રતિબધ્ધતાનો મુખ્ય હિસ્સો છે, જેમાં મિશન લાઇફ એટલે કે પર્યાવરણ અનુકુળ જીવન શૈલી અને પુનઃ ઉપયોગ થનારા અર્થતંત્રની પરિકલ્પનાનો સમાવેશ થાય છે. તેમણે અયોધ્યા સહિત દેશનાં 17 શહેરોને સોલર સિટી તરીકે વિક્સાવવાની યોજના જણાવી હતી. પ્રધાનમંત્રીએ છેલ્લાં 10 વર્ષમાં હરિત હાઇડ્રોજન સહિત વિવિધ સ્વચ્છ ઉર્જા ઉત્પાદન ક્ષેત્રોમાં પોતાની સરકારની ઉપલબ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો.

કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ સ્વચ્છ ઊર્જા ક્ષેત્રમાં ભારતની મહત્વપૂર્ણ પ્રગતિ પર ભાર મુકતા જણાવ્યું કે, ભારતે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં 86 ટકા વધારો હાંસલ કર્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ ગુજરાતને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં અગ્રણી બનાવવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયે આ સંમેલન અને પ્રદર્શનનું આયોજન કર્યું છે. ત્રણ દિવસનાં આ કાર્યક્રમમાં 40થી વધુ સત્ર હશે, જેમાં 140 દેશોનાં લગભગ દસ હજાર પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે. પ્રધાનમંત્રી આજે રાત્રે રાજભવન ખાતે રાત્રી રોકાણ કરી આવતીકાલે સવારે ઓડિશા જવા રવાના થશે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## SWACCHTA HI SEVA

દેશ સહિત રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા પખવાડિયાનો આવતીકાલથી પ્રારંભ થશે. જે 31 ઓક્ટોબર સુધી ચાલશે. જેની થીમ ‘‘સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા’’ છે.

રાજ્ય સરકાર દ્વારા પણ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ ઉપરાંત રાજ્યના તમામ વિભાગોમાં સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪ નું અમલીકરણ કરાશે..

લોકભાગીદારી સાથે સ્વચ્છતા અભિયાન, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અંતર્ગત સફાઇ કામદારો સાથે પ્રવૃત્તિઓ કરાશે, રોજરોજની નગરની સફાઈ, શહેરના તમામ ગાર્બેજ પોઈન્ટ, તમામ વાણીજ્ય વિસ્તારો, રહેણાંક વિસ્તારો અને સ્લમ વિસ્તારોની સફાઈ તેમજ શહેરના તમામ બાગ-બગીચાઓ, ફૂટપાથ, ધોરીમાર્ગોની સફાઈની સાથે અન્ય રોજીંદી સફાઈ થશે

સાથોસાથ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા થીમ આધારિત સફાઈની કામગીરી પણ કરાશે..

---------------------

## EID CELEBRATION

આજે સમગ્ર દેશમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ મિલાદ ઉન નબીની ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિતે રાજ્યભરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા જુલૂસ યોજવામાં આવી રહ્યા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે ઝુલુસ કાઢી ઈદ એ મિલાદ ઉન નબીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા.

તો પાટણ જિલ્લાના ગામોમાં ધર્મમય વાતાવરણમાં આ ઉજવણી કરવામાં આવી હતી. પાટણ શહેરના ઈકબાલચોક, ટાંકવાડા, કાજીવાડા અને બોકરવાડા ખાતેથી ગુંબજે ખીજરાની પ્રતિકૃતિ સાથે જૂલુસ નીકળ્યા હતા. જેમાં પાટણના ધારાસભ્ય  ડૉ. કિરીટ પટેલ સહિત અગ્રણીઓએ હાજરી આપી ઇદે મિલાદુન્નબી પર્વ નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

બીજી તરફ ભાવનગરમાં પણ મુસ્લિમ બિરાદરો દ્વારા જુલૂસ કાઢવામાં આવ્યું હતું. ઉપરાંત હઝરત રોશન ઝમીર, પીરમહંમદશા બાપુની દરગાહ શરીફમાં ચાદર ચઢાવી, સલાતો સલામ પઢી સામુહિક દુઆઓ કરવામાં આવી હતી.

----------

## GANESH VISARJAN TAIYARI

આવતીકાલે હવે અનંત ચૌદશ હોવાથી સુરતમાં તમામ કૃત્રિમ તળાવને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે તેની સાથે ઘટતી સુવિધા પણ ઉભી થઈ રહી છે. એનજીટીના આદેશ બાદ સુરતમાંથી પસાર થતી તાપી નદીમાં પ્રદૂષણ અટકાવવા માટે કોઈપણ પ્રકારની પ્રતિમાનું વિસર્જન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે દર વર્ષે સુરતમાં હજારોની સંખ્યામાં ગણેશજીની પ્રતિમાનું સ્થાપન થતું હોવાથી આ પ્રતિમાના વિસર્જન માટે મહાનગરપાલિકા કૃત્રિમ તળાવ બનાવવાની કામગીરી કરે છે. સુરત મહાનગરપાલિકાના નવ ઝોનમાં 21 કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યા છે.

વડોદરામાં પણ આવતીકાલે અનંત ચૌદસના દિવસે ગણેશ વિસર્જન કરવામાં આવનાર છે. મનપા દ્વારા અલગ અલગ ઝોનમાં વિસર્જન કુંડ તૈયાર કર્યા છે. આ ઉપરાંત  શહેરમાં ગણેશ વિસર્જન દરમિયાન કોમી એખલાસ અને શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સંવિદનશીલ વિસ્તારોમાં મોટાપાયે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

વડોદરા શહેરમાં 6500 થી વધુ પોલીસ બંદોબસ્ત જાળવી રહી છે, અને ડોગ સ્ક્વોડ, ક્વીક રિસ્પોન્સ ટીમ, અશ્વદળ સહિતની ટીમો પણ નજર રાખી રહી છે ત્યારે ડ્રોન સર્વેલન્સ પણ કરવામાં આવી રહ્યું છે.

નવસારી જિલ્લામાં 54 સ્થળેથી ગણેશ વિસર્જન માટે કુલ 1125 થી વધુ પોલીસ અધિકારીઓ કર્મચારીઓનો ચુસ્ત બંદોબસ્ત તહેનાત કરવામાં આવશે. ઉપરાંત સીસીટીવી કેમેરા અને ડ્રોન મારફતે વોચ રાખવામાં આવશે.

જ્યારે નવસારી જિલ્લામાં કુલ 54 સ્થળેથી ગણેશ વિસર્જન કાર્ય શાંતિ પૂર્ણ અને કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે.જિલ્લામાં ગણેશ વિસર્જન કાર્ય શાંતિ પૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જિલ્લા પોલીસ વડા સહિત કુલ 1125 થી વધુ પોલીસ અધિકારી કર્મચારીઓનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે.જિલ્લામાં પૂર્ણા અંબિકા કાવેરી મીંઢોળા ખરેરા કુદરતી કાંસ તેમજ ઉંભરાટ, દાંડી અને ઓંજલ માછીવાડના દરિયા કિનારેથી તરવૈયાઓની મદદથી ગણેશ વિસર્જન કરવામાં આવશે.

-----------

## GUJARAT FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિયેશન દ્વારા આયોજિત રિલાયન્સ કપ સિનિયર મેન્સ ઈન્ટરડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટૂર્નામેન્ટની 42મી આવૃત્તિનો પ્રારંભ થયો છે.

ગાંધીનગર સ્થિત પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી ફૂટબોલ ગ્રાઉન્ડ તથા અમદાવાદના નિકોલમાં આવેલા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ફૂટબોલ ગ્રાઉન્ડમાં પ્રારંભ થયો છે. આ વર્ષના રિલાયન્સ કપમાં પ્રતિષ્ઠિત ટ્રોફી માટે 28 જિલ્લાની ટીમો વચ્ચે રોમાંચક મુકાબલા જોવા મળશે.

આ ટૂર્નામેન્ટ બે-સ્તરે યોજવામાં આવી છે, જે અંતર્ગત કુલ 49 મેચ યોજાશે. પ્રથમ સ્તરમાં કુલ 12 ટીમ ભાગ લેશે. જેમાં ગત વર્ષના પ્રદર્શનના

આધારે આઠ ટીમ ક્વોલિફાય થઈ ચૂકી છે, જ્યારે બાકીના ચાર સ્થાન માટે દ્વિતીય સ્તરની 20 ટીમો વચ્ચે લીગ-કમ-નોકઆઉટ ફોર્મેટમાં મુકાબલા થશે.

રિલાયન્સ કંપની ફાઈનલ મેચ આગામી 28મી સપ્ટેમ્બરે પી.ડી.ઈ.યુ., ગાંધીનગર ખાતે યોજાશે. પ્રારંભિક ચાર મેચ રમાઇ હતી, જેમાં વલસાડ, ભાવનગર, સાબરકાઠાં અને છોટાઉદેપુરની ટીમનો એમની અલગ અલગ મેચમાં વિજય થયો હતો.

-----------